ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૩૯/૧૮-૧૯/ 4236
તારીખઃ 20 SEP 2018

**આર.પી.એ.ડી.**

**કેસ નં.: ૩૯/૧૮-૧૯**

પ્રતિ,
શ્રી ધર્મેશ સવજીભાઈ મુંજપરા,
મુ.ટાણા, તા.શિહોર,
જી.ભાવનગર.

**વિષયઃ ખેતીવાડી વીજ જોડાણ બીજા સર્વે નંબર પર ફેરવવા બાબત.**

**સંદર્ભ**: (૧) આપનો પત્ર તા.૨૧-૦૫-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૯/૧૮-૧૯/૨૩૮૧ તા.૩૧/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૯/૧૮-૧૯/૩૮૩૦ તા.૨૭/૦૮/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૭/૦૯/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગ્રામ્ય-પાલીતાણા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૯/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ધર્મેશ સવજીભાઈ મુંજપરા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૦૭/૦૯/૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી ધર્મેશ સવજીભાઈ મુંજપરા - પોતે.

પ્રતિવાદી :– શ્રી જે.એસ.પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધર્મેશ સવજીભાઈ મુંજપરા, મુ.ટાણા, તા.શિહોર, જી.ભાવનગર ની નવા ખેતીવાડી વીજ જોડાણ બીજા સર્વે નંબર પર ફેરવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૯ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૩૯/ ૧૮–૧૯/ ૨૩૮૧ તા.૩૧/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭/૦૯/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી જે.એસ.પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારી બુઢણા ગામમાં સર્વે નંબર ૧૧૫/૧ પૈકી ૨ માં ગ્રાહક નંબર 37343005790 થી વીજ જોડાણ સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરાના નામનું છે.
૧.૨ ઉપરોક્ત સર્વે નંબરમાં ૭-૧૨ અને ૮-અ માં પણ સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરાનું નામ છે.
૧.૩ હાલમાં ઉપરોક્ત સર્વે નંબરમાં ખેતી માટે અપૂરતું પાણી હોવાથી ઉપરોક્ત વીજ જોડાણ સર્વે નંબર ૧૧૮ પૈકી ૨ પૈકી ૪ કે જે ધર્મેશભાઈ સવજીભાઈ મુંજપરા ની માલિકીની જમીન છે.



Consumer Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ જેમાં સ્થળ ફેરફાર માટે સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરા નોટરીથી મંજૂરી આપે છે. હું સવજીભાઈ મુંજપરા નો પુત્ર છું તેમજ સીધી લીટીના વારસદાર પણ છું

૧.૫ આ ખેતીવાડી વીજ જોડાણ ફેરફાર કરવા અંગે પાલીતાણા (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરીમાં અરજી સાથે જરૂરી દસ્તાવેજ રજુ કરેલ પરંતુ નાયબ ઇજનેરશ્રી એ જણાવેલ કે તમારી અરજી મંજુર નહી થાય તેમ જણાવેલ. ત્યાર બાદ અમે નાયબ ઈજનેરને તે અંગે કારણ પૂછતાં જણાવેલ કે તમારે જે સર્વે નંબર માં વીજ જોડાણ સ્થળ ફેરફાર કરવો છે તે સર્વે નંબરમાં સવજીભાઈનું નામ નથી. તો અમોએ જણાવેલ કે તે જમીન ધર્મેશભાઈ સવજીભાઈ મુંજપરા ના નામથી સને ૧૯૯૮ માં દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જેથી તેમાં નામ ના હોય તો તેમણે કહેલ કે આ અરજી મંજુર નહી થાય.

૧.૬ ત્યાર બાદ અમોએ કાર્યપાલક ઇજનેર – પાલીતાણા વિભાગીય કચેરીનો સંપર્ક કરતા તેમણે પણ ઉપર મુજબ જવાબ આપેલ.

૧.૭ ખેતી જ અમારી મુખ્ય આજીવિકાનું સાંધન છે તો સાહેબશ્રી અમો અપેક્ષા રાખીએ છીએ કે તમારાથી બનતું ઘટતું કરશોજી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી શ્રી ધર્મેશભાઈ સવજીભાઈ મુંજપરા કે જેઓ શિહોર તાલુકા નાં ટાણા ગામના વાતની છે. અને તેઓ એ બુઢણા ગામમાં સર્વે નંબર ૧૧૫/૧ પૈકી ૨ માં ગ્રાહક નંબર ૩૭૩૪૩૦૦૫૭૯૦ થી વીજ જોડાણ સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરાના નામનું છે. તે વીજ જોડાણ સ્થળ ફેરફાર કરવા ફરીયાદ કરેલ છે.

૨.૨ વાદી દ્વારા જે ખેતીવાડી વીજ જોડાણ સ્થળ ફેરફાર કરવા અંગે અરજી કરેલ છે તે ખેતીવાડી વીજ જોડાણ સર્વે નંબર ૧૧૫/૧ પૈકી ૨ માં ગ્રાહક નંબર ૩૭૩૪૩૦૦૫૭૯૦ થી વીજ જોડાણ સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરાના નામનું છે.

૨.૩ ઉપરોક્ત ખેતીવાડી વીજ જોડાણ વાદીના પિતાજીના નામે છે. જયારે વાદી દ્વારા આ જ ખેતીવાડી વીજ જોડાણ કે જે તેમના પિતાજીના નામે છે તે વીજ જોડાણ વાદીને પોતાના માલિકીની જમીનમાં ફેરવવા માંગે છે.

૨.૪ વાદી ધર્મેશભાઈએ સર્વે નંબર ૧૧૮/૨ પૈકી ૪ માં ફેરફાર કરવા માંગે છે તે જમીન તેઓએ દસ્તાવેજી વેચાણથી સને ૧૯૯૮ માં વેચાણથી લીધેલ છે અને ધર્મેશભાઇ પોતે તેના માલિક છે. તેમાં સવજીભાઈની કોઈ ભાગીદારી નથી.

૨.૫ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ – વડોદરાના પરિપત્ર નંબર GUVNL-TECH-AG CON- 2189 DATE: 24.10.2013 ના આધારે **"ખેતી વિષયક હળવા દબાણના હયાત વીજ જોડાણો ધરાવતા ગ્રાહકોનું સ્થળફેર (શીફ્ટીંગ)"** ના નિયમ ૨ (બે) ના (ચ) ના આધારે ગ્રાહક નવીન જમીન ખરીદી કરીને સ્થળ ફેર માંગે તો

૨.૬ ઓછામાં ઓછી બે એકર અને અરજદારના નામે ઓછામાં ઓછા બે વર્ષથી હોવી જોઈએ.

૨.૭ બીજા ખેડુતની ભાગીદારી ન હોવી જોઈએ.

૨.૮ આ સ્થળ ફેરફાર કરવા અંગે વાદી દ્વારા નાયબ ઇજનેર – પાલીતાણા (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરીનો રૂબરૂ સંપર્ક કરતા નાયબ ઈજનેરશ્રી દ્વારા પી.જી.વી.સી.એલના સ્થળ ફેરફાર કરવા અંગેના નીતિ – નિયમોની વા દીને જાણ કરી હતી અને સ્થળ ફેરફાર ન થઇ શકે તે અંગેની સમજણ પણ આપી હતી..

૨.૯ આમ, બુઢણા ગામમાં સર્વે નંબર ૧૧૫/૧ પૈકી ૨ માં ગ્રાહક નંબર ૩૭૩૪૩૦૦૫૭૯૦ થી જે વીજ જોડાણ સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરાના નામનું છે. વાદી ધર્મેશભાઈએ સર્વે નંબર ૧૧૮/૨ પૈકી ૪ માં ફેરફાર કરવા માંગે છે તે જમીન તેઓએ દસ્તાવેજી વેચાણથી સને ૧૯૯૮ માં વેચાણથી લીધેલ છે અને ધર્મેશભાઇ પોતે તેના માલિક છે. તેમાં સવજીભાઈની કોઈ ભાગીદારી નથી. જેથી ઉપરોક્ત ખેતીવાડી વીજ જોડાણનું સ્થળ ફેરફાર થઇ શકે નહી.



Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.1 વાદી ધર્મેશભાઈ સવજીભાઈ મુંજપરાની રજૂઆત છે કે તેઓના પિતા સવજીભાઈ વનમાળીભાઈ મુંજપરાના નામનું શિહોર તાલુકાના ટાણા ગામમાં ગ્રા.નં.૭૩૩૪૩/૦૦૫૭૯/૦થી ખેતીવાડી વીજ જોડાણ સ.નં. ૧૧૫/૧ પૈકી ૨માં ધરાવે છે.

3.૨ સવજીભાઈ મુંજપરાનાં પુત્ર વાદી અરજદાર ધર્મેશભાઈએ સ.ન. ૧૧૮/૨/૪ માં હયાત ખેતી વીજ જોડાણ ફેરવવા માંગે છે.

3.3 વાદી અરજદાર જે સ.ન. ૧૧૮/૨/૪માં વીજ જોડાણ ફેરવવા માંગે છે તે સ.ન.માં ફક્ત ધર્મેશભાઈ સવજીભાઈની માલિકી છે. રેવેન્યુ દસ્તાવેજો મુજબ સ.નં. ૧૧૮/૨/૪માં સવજીભાઈની ભાગીદારી કે માલિકી નથી.

3.૪ જો વાદી અરજદાર તેના પિતાશ્રી સવજીભાઈનું ચાલુ વીજ જોડાણ સ.નં. ૧૧૫/૧ પૈકી ૨ માંથી સ.નં.૧૧૮/૨/૪ માં ફેરવવા માંગતા હોય તો સ.નં. ૧૧૮/૨ માં સવજીભાઈની માલિકી હોવી જરૂરી છે. તો જ પ્રતિવાદી આ ચાલુ વીજ જોડાણને સર્વે નં. ૧૧૮/૨/૪ માં સ્થળફેર કરવા મજુરી આપે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. “3.૪ મુજબ વાદીની અરજી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.”**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| (બી. જે. દવે)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |
|---|---|---|

તારીખ :–૦૭/૦૯/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar